	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૧૩/૦૩/૨૦૨૨ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૪૬૯/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૦	૦	૧૩૦	૪૦૯	૦	૪૦૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૩	૦	૧૦૦૬૮૩	૧૦૯૫૮૭	૦	૧૦૯૫૮૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧	૭૧,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩	૧૩,૦૦૦/-

નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૭૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૧ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, ૨૨ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૦ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૭૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૪૭૨/૨૦૨૨**

નવરંગપુરા: સુનીલકુમાર ગોરધનદાસ ચાવલા (રહે.સહજાનંદપાર્ક રાજસ્થાન સ્કુલ પાસે શાહીબાગ) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૩/૨૦૨૨ કલાક ૨/૧૫ વાગ્યાના સુમારે નવરંગપુરા સી.જી.રોડ મ્યુનિસીપલ માર્કેટ પાસે અગ્રવાલ કોમ્પલેક્ષમાં "રીવેરા ટુર્સ એન્ડ ટ્રાવેલ" નામની પોતાની ઓફીસના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી કબાટના લોકરમાંથી રોકડ રૂપિયા ૧,૯૦,૦૦૦/- અને ફોરેન કરન્સી જે ભારતીય ચલણ મુજબ અંદાજે એક લાખ રૂપિયા તેમજ અગત્યના દસ્તાવેજોની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મીસ્ત્રી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૪૭૩/૨૦૨૨**

શહેરકોટડાઃ નિલેશસીંગ હરીસીંગ ચૌહાણ (રહે.કુંભાજીની ચાલી રામેશ્વર રોડ મેધાણીનગર) એ તા.૧૨/૦૩/૨૦૨૨ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૩/૨૦૨૨ રાતના ૧૧/૦૦ થી તા.૧૦/૦૩/૨૦૨૨ સવારના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મેમ્કો બ્રીજ નીચે પ્રકાશ હોટલ સામે પાર્ક કરેલ આઇસર ટ્રક નંબર જીજે ૦૧ બીવી ૧૧૮૦ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- તથા ટ્રકમાં ભરેલ આશરે ૧૯ ટન ૩૩૦ કિ.ગ્રા. લોખંડનો ભંગાર કિમત રૂપિયા ૩,૮૬,૬૦૦/- મળી કુલ રૂપિયા ૫,૮૬,૬૦૦/- મતાના ભંગાર ભરેલ ટ્રક અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશકુમાર કરશનભાઇ ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૪૭૪/૨૦૨૨**

ઓઢવઃ નેહાબહેન ડો/ઓ ભરતભાઇ વાઘેલા (ઉ.વ.૨૦) (રહે.અર્બુદાનગર રત્નમાલા સોસાયટી ઓઢવ) તા.૧૦/૦૩/૨૦૨૨ કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે એસીડથી સંડાસ બાથરૂમ ધોવા માટે એસીડની બોટલનું ઢાંકણુ ખોલતા હતા ત્યારે ઢાંકણુ ખુલતુ ન હોય મોઢાથી ખોલવા જતા અચાનક ઢાંકણુ ખુલી જતા એસીડ મોઢામાં જતુ રહેતા વામીટ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૦૩/૨૦૨૨ સવારના ૯/૦૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૭૫/૨૦૨૨**

ચાંદખેડાઃ વિંકલકુમાર જયંતીભાઇ ડાભી (ઉ.વ.૩૨)(રહે.પુરષોત્તમપાર્ક વલ્લભપાર્ક પાસે ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૩/૨૦૨૨ બપોરના ૧૨/૦૦ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જયંતીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.